# હબાકુકની ફરિયાદ
## ફાધર વર્ગીસ પૉલ

બાઇબલમાં આવતા બાર ગૌણ પયગંબરોમાં એક છે હબાકુક. 'હબાકુક' ગ્રંથ પયગંબરના આચાર-વિચાર વિશે થોડોઘણો ખ્યાલ આપે છે. એ સિવાય હબાકુકના જીવન વિશે આપણે કશુંય જાણતા નથી. દાનિયલના ગ્રંથના ચૌદમા પ્રકરણમાં પયગંબર હબાકુકનો ઉલ્લેખ છે. એમાં બાબિલ ખાતે સિંહોની ગુફામાં પુરાયેલા દાનિયેલને પયગંબર હબાકુકે ચમત્કારિક રીતે ખવડાવ્યાની વાત છે. પરંતુ બાબિલના પંડિતો એ ઉલ્લેખમાં કોઇ ઐતિહાસિક મૂલ્ય જોતા નથી.

"પયગંબર હબાકુકને દિવ્યદર્શનમાં સંભળાયેલી વાણી" - એવા શબ્દોથી 'હબાકુક' ગ્રંથ શરૂ થાય છે. 'હબાકુક' ગ્રંથમાં આવતી વાતમાંથી હબાકુકને ઇસવીસન પૂવેર્ સાતમી સદીના અંતે યરુશાલેમમાં રહેતો યહૂદી પયગંબર માની શકાય છે.

હબાકુક ગ્રંથના પહેલા ભાગમાં પયગંબર અને ઈશ્વર પ્રભુ વચ્ચેના સંવાદ છે. એમાં બધા જ જમાનાના વિચારશીલ માણસોને સતાવતા પ્રશ્નને વાચા મળે છે. પોતાના લોકો વચ્ચેનાં અનિષ્ટો અને સતામણી સામે ઇશ્વર પ્રભુ કેમ ચૂપ રહે છે અને બેફિકર રહે છે એ વાત પયગંબર હબાકુકને સમજાતી નથી. એટલે પયગંબર ઇશ્વર પ્રભુને ફરિયાદ કરે છે કે, "તું શા માટે મને આવા અત્યાચારોનો સાક્ષી બનાવે છે અને શા માટે આવાં દુષ્કૃત્યો સહી લે છે ? મારી આંખ સામે જ મારફાડ અને હિંસા થઇ રહ ા ાં છે, ઝઘડાટંટા પેદા થાય છે, કાયદા ઢીલા થઇ ગયા છે અને ન્યાય મળતો નથી; દુષ્ટો સજ્જનોને દબાવે છે અને ઇન્સાફમાં ઘાલમેલ થાય છે."

હબાકુકને જવાબ આપતાં ઇશ્વર પ્રભુ જણાવે છે કે, પરિસ્થિતિ તો હજી વધુ વણસી જવાની છે. પછી બાબિલવાસીઓના આક્રમણનું આબેહૂબ વર્ણન કરતાં કહે છે, "જુઓ, હું બાબિલવાસીઓને - પેલી ક્રૂર અને આક્રમક પ્રજાને - ઉશ્કેરી રહ્યો છું, જેઓ બીજાની વાસભૂમિ હરી લેવાને પૃથ્વીના એક છેડાથી બીજા છેડા સુધી ધસી જાય છે. તેઓ જ્યાં જાય ત્યાં ભય અને આતંક ફેલાવે છે."

પણ પયગંબરને પ્રભુના આ જવાબથી સંતોષ નથી. કારણ, અન્યાય આચરનારી, સજ્જનોને દબાવનારી અને ઇન્સાફમાં ઘાલમેલ કરનારી પ્રજાઓ ઉપર ચડાઇ કરનાર બાબિલના લોકો વધુ દુષ્ટ અને ખરાબ પ્રજા છે. એટલે પયગંબર હબાકુક ઇશ્વર પ્રભુને ફરી પ્રશ્ન કરે છે: "તારી આંખો એટલી પવિત્ર છે કે તારીથી દુષ્ટતા જોઇ જતી નથી, અન્યાય તું જોઇ શકતો નથી; તો પછી શા માટે તું એ બેવફા લોકોને જોઇ રહે છે અને દુષ્ટ માણસ પોતા કરતાં સારા માણસને ગળી જાય છે ત્યારે મૂંગો રહે છે?... તો શું એ લોકો સદાકાળ પોતાની તલવાર ચલાવ્યા કરશે અને નિર્દય રીતે પ્રજાઓનો વધ કર્યા કરશે?"

પયગંબર હબાકુકના આ પ્રશ્નોનો જવાબ આપવાને બદલે ઇશ્વર પ્રભુ એને જે બતાવ્યું તે લખી નાખવાનું કહે છે, "કારણ, એનો સમય પાક્યે જ એ બધું બનવાનું છે. અને ઘડીઓ ગણાય છે, એ ખોટું નહિ પડે. જોએ વિલંબ કરતું લાગે તો રાહ જોજે; એ થવાનું તો નક્કી જ છે; અને વાર લાગવાની નથી. જો, જેનું દિલ આડું છે તે પછડાશે, પણ ધર્મિષ્ઠ માણસ પોતાની ઇશ્વરનિષ્ઠાને બળે જીવી જશે."

'હબાકુક' ગ્રંથના વચ્ચેના ભાગમાં પાંચ શાપોની વાત છે. પાંચેય શાપો દ્વારા દુર્જનોની દુર્દશા થશે એવી વાત પયગંબર ભારપૂર્વક જણાવે છે. "એ માણસનું આવી બન્યું" એવા શબ્દોથી શરૂ થતા પાંચેય શાપમાં પયગંબરે દુશ્મન પ્રજા બાબિલ લોકોના અત્યાચારો અને અનિષ્ટો બદલ એને શિક્ષા થશે એવી આગાહી કરી છે. પહેલા શાપમાં પયગંબર જણાવે છે કે બાબિલે આક્રમણ કરીને ઘણી પ્રજાઓને લૂંટી છે. એટલે એ બધી પ્રજાઓના બાકી રહેલા માણસો બાબિલને લૂંટી લેશે એવી આગાહી કરીને પયગંબરે બાબિલની બધી ચડાઇને વખોડી કાઢી છે.

બીજા શાપમાં પયગંબર બાબિલને પોતાનાં ઘરોના બં ાધકામમાં લેતા ગર્વને માટે વખોડી કાઢતાં કહે છે, "દીવાલનો એકેએક પથ્થર સુધ્ધાં તેની વિરુદ્ધ પોકારી ઊઠશે અને લક્કડકામની એકેએક વળી સુદ્ધાં તેનો પડઘો પાડશે."

ત્રીજા શાપમાં બાબિલના અન્યાયને વખોડી કાઢવામાં આવ્યો છે. "એ માણસનું આવી બન્યું જાણો જે લોહી રેડીને નગર વસાવે છે, અન્યાય કરીને તેને બાંધે છે!" પયગંબર કહે છે કે બાબિલના લોકોએ અન્યાય કરીને બાંધેલું નગર બળીને ખાખ થઇ જશે અને એમની બધી મહેનત ધૂળમાં મળી જશે.

ચોથા શાપમાં પયગંબરે બાબિલના અત્યાચોરોને વખોડી કાઢ્યા છે. "પ્રભુના હાથનો સજાનો પ્યાલો તેણે પીવો પડશે અને તેની કીર્તિ ધૂળમાં રોળાશે! લબાનોન ઉપર ગુજારેલા અત્યાચારો તેના ઉપર પાછા વળશે. "

છેલ્લા શાપમાં પયગંબરે બાબિલની મૂર્તિપૂજાને વખોડી કાઢી છે. "માણસ પોતે બનાવેલી મૂર્તિ ઉપર વિશ્વાસ રાખે એથી શો ફાયદો? એ દેવલાં તો બોલી પણ શકતાં નથી. જે માણસ લાકડાની મૂર્તિને જાગવાનું કહે છે અને મૂંગા પથ્થરને ઉઠાડવા મથે છે તેનું આવી બન્યું જાણો! કારણ, એ તે કદી દૈવી વાણી ભાખતાં હશે? જરા જુઓ તો ખરા, એ મૂર્તિ તો આખી સોનાચાંદીથી મઢેલી છે અને એમાં પ્રાણ તો બિલકુલ છે જ નહિ."

'હબાકુક' ગ્રંથના ત્રીજા ને છેલ્લા ભાગમાં હબાકુકનું પ્રાર્થના ગીત છે. એ પ્રાર્થના ગીત યરુશાલેમ મંદિરની ઉપાસના વિધિમાંથી લેવામાં આવ્યું હશે એમ લાગે છે. એમાં ઈશ્વરની શક્તિ અને મહિમાનું ગુણગાન છે. છેલ્લે પયગંબર હબાકુક પોતાની શ્રદ્ધા પ્રગટ કરીને એકરાર કરે છે કે, "હું પ્રભુ ઉપર વિશ્વાસ રાખીને આનંદ માનીશ અને મારા મુક્તિદાતાને સંભારી હરખાઇશ. મારો પ્રભુ પરમેશ્વર એ જ મારું બળ છે, તે મારા પગને હરણના જેવા ચપળ બનાવે છે અને મને ડુંગરો ઉપર ચલાવે છે."

'હબાકુક' ગ્રંથ બાઇબલના જૂના કરાર અને નવા કરારના વચગાળાના સમયમાં ખૂબ લોકપ્રિય હતો.   નામે ઓળખાતા પૌરાણિક રેખાલેખોના દસ્તાવેજોમાં હબાકુક ગ્રંથના એક અને બે પ્રકરણના વિસ્તૃત વિવરણવાળું ભાષ્ય પણ મળી આવ્યું છે. બાઇબલના પંડિતો માને છે કે, ઇર્મિયાની જેમ પયગંબર હબાકુકે પણ જોયું હશે કે જ્યારે બાબિલે ઇસ્વીસન પૂવેર્ ૫૯૭માં યરુશાલેમ ઉપર ચડાઇ કરી ત્યારે એની  ત્યારે એની અગમવાણી આંશિક રીતે સાચી પડી છે.

હબાકુકની અગમવાણીની એક વિશેષતા એ છે કે તે પોતે યહૂદી પયગંબર હોવા છતાં તેણે પોતાની ભવિષ્યવાણીમાં પોતાની પ્રજાને ઇસ્રાયલને નહિ પણ બીજાને - દુશ્મન બાબિલને સંબોધ્યો છે.